Done-7

દિવ્ય ભાસ્કર (સિટિ ભાસ્કર અમદાવાદ)

તા- 16/4/21

પેજ નં-01

# બાબાસાહેબનો જીવનસંઘર્ષ, જ્ઞાન, માર્ગદર્શન ઉપકારક

સિટી રિપોર્ટર અમદાવાદ | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ દ્વારા 14મી એપ્રિલનાં રોજ ભારતીય વિશ્વવિદ્યાલય સંઘનાં 95માં રાષ્ટ્રીય અધિવેશનમાં દેશનાં વડાપ્રધાને વક્તવ્ય આપ્યું. તેમની સાથે ગુજરાતનાં રાજ્યપાલ તેમજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ.નાં કુલપતિ આચાર્ય દેવવ્રતે ડૉ.આંબેડકરની પુણ્યતિથિનાં પરિપ્રેક્ષ્યમાં નવી શિક્ષણનીતિને વિષાદ-અવસાદ-તણાવ જેવા દુષ્પરિણામકારી પરિબળોથી મુક્ત કરનારી ચેતનવંતી તથા ક્રાંતિકારી નીતિ તરીકે ઓળખાવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, મહિલા ઉત્કર્ષ, સમરસ સમાજ અને શિક્ષણ પ્રાપ્તિનાં સાર્થક પ્રયાસો માટેનાં બાબાસાહેબનાં જીવનસંઘર્ષ, જ્ઞાન અને માર્ગદર્શન રાષ્ટ્ર માટે ઉપકારક છે. ડૉ. આંબેડકરનું જીવન કેળવણી ક્ષેત્ર માટે સમર્પિત રહ્યું. રાષ્ટ્રનિર્માણમાં તેની પ્રેરણા જરૂરી છે.

24/6/21